પી.એન.આર. સોસાયટી, ભાવનગર તથા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, અમરેલી અંતર્ગત ચાલતા સ્લો-લર્નર પ્રોજેક્ટ, જિલ્લાના આઠ તાલુકાઓની ૫૬ ગામોની ૮૭ શાળાઓમાં અભ્યાસ કરતાં લગભગ ૧૭,૦૦૦ બાળકોમાંથી ૩,૦૦૦ બાળકો, સ્લો-લર્નર અથવા લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધી તેમને પુનઃસ્થાપન કરવાનો છે. આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકાર દ્વારા રૂ. ૮૮,૪૪,૦૦૦/- મંજૂર કરેલ છે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં આવા સ્લો-લર્નર અથવા લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધવા માટે શાળાઓના આચાર્યશ્રીઓ તથા એક મુખ્ય શિક્ષકને તાલીમ આપવાનું નકકી થયેલ છે. કોરોના મહામારીને કારણે પ્રત્યક્ષ તાલીમ આપવાનું શકય નહીં થતાં વેબિનાર દ્વારા તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ. વર્ષ દરમ્યાન અમરેલી ખાતે કુલ ચાર વેબિનાર યોજાયેલ. જેમાં એક્સપર્ટ ફેકલ્ટી તરીકે **ડૉ. ધનંજય દેશમુખ, આસિ. પ્રોફેસર, IITE**, ગાંધીનગર અને **શ્રીમતી જિજ્ઞાબેન સોલંકી**, ઈન. પ્રિન્સિપાલ, સ્પે. સ્કૂલ ફોર સેરીબલ પાલ્સી, ભાવનગરની સેવા પ્રાપ્ત થયેલ. આ ચારે વેબિનારમાં કુલ ૧૪૧ શિક્ષક અને આચાર્યશ્રીઓએ ભાગ લીધેલ. પ્રથમ વેબિનારનું ઉદ્દઘાટન **શ્રી આયુષ ઓક (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી** દ્વારા કરવામાં આવેલ. જેમાં સંસ્થાના સેક્રેટરી જનરલ **શ્રી પારસભાઈ શાહ**, સહમંત્રી **શ્રી ધીરુભાઈ ધંધુકિયા** તથા **શ્રી રાજવીબેન કક્કડ** અને **શ્રી હિરલબેન કક્કડ** હાજર રહેલ.



## SLOW-LEARNER PROJECT

The slow learner project of the PNRS and District Mineral Foundation of Amreli under execution aims at to identify **3,000** children with slow learning ability from **17,000** children of **87** schools of **56** villages / towns and rehabilitate them under this project. For this project the Govt. of Gujarat has sanctioned **Rs.88,44,000/-**. The first phase involved training to principals and teachers for how to identify children victims of slow learning.

In view of corona pandemic off line training was not possible. So training was imparted resorting to online-webinars. Four webinars were organized in which **Dr. Dhananjay Deshmukh**, Asst. Professor IITE Gandhinagar and **Smt. Jignaben Solanki**, I/C Principal. Nataraj C. P. School Bhavnagar rendered their expertise.

A total number of 145 teachers / principals participated in offline Training Session. The inauguration of the first Training Session was accomplished at the hands of **Shri Aayush Oak, I.A.S., Collector and District Majistrate of Amreli.** Secretary General **Shri Parasbhai Shah**, Joint Secretary **Prof. Dhirubhai Dhandhukiya, Ms. Rajvi Kakkad, Ms. Hiral Kakkad** attended the inauguration.

## 2.8 છેલ્લાં ૨૦ વર્ષ દરમ્યાન પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ થયેલ કાર્યની માહિતી

- **2,01,500** બહેનોને રૂબેલા રસીકરણ કરવામાં આવ્યું.
- **43,10,675** બાળકોની ભાવનગર, બોટાદ તથા અમરેલી જિલ્લાની શાળાઓમાં રૂબરૂ જઈને તપાસ કરવામાં આવી.
- **1,775** બાળકોના કાન-નાક-ગળાના વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યાં.
- **986** બાળકોની આંખની ખામીના વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવ્યાં.
- **1,043** બાળકોને હિયરિંગ મશીનો વિનામૂલ્યે આપવામાં આવ્યાં.
- **80,580** દ્રષ્ટિની ખામીવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યાં.
- **20,700** વરિષ્ઠ નાગરિકોને મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે/

## INFORMATION ON WORKDONE UNDER PREVENTION PROGRAMME DURING THE LAST 20 YEARS

- **2,01,500** women / girls were administered Rubella vaccine and immunized against Rubella.
- Children of the order of **43,10,675** of schools of Bhavnagar, Botad and Amreli districts were checked for health problems.
- **1,775** children were operated for Ear, Nose and Throat problems free of charge.
- **986** children were operated for eye problems free.
- **1,043** children were supplied hearing-aids.
- **80,580** children with eye-power problems were supplied spectacles free of charge.
- **20,700** Senior Citizens were operated for

રાહતદરે કરી આપવામાં આવ્યાં.

- 520 થી વધુ સ્થળોએ ડૉક્ટરો/ટેકિનશિયનોને સાથે રાખીને ડાયગ્નોસીસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું.
- 1,792 બાળકોને કપાયેલાં હોઠ, તાળવામાં કાણું અને મૂત્રનલિકામાં ખામીના વિનામૂલ્યે ઓપરેશનો કરવામાં આવ્યાં.

## 3.0 પી. એન. આર. સ્પેશ્યલ હોસ્પિટલ

પી.એન.આર.સોસાયટી સંચાલિત આ સ્પે. હોસ્પિટલ વર્ષ ૧૯૮૮-૮૯થી પોલિયો નાબૂદી અભિયાનના ઉમદા હેતુથી શરૂ થયેલ છે. ભારતમાંથી પોલિયો સંપૂર્ણ નાબૂદ થઈ ગયો, સાથો-સાથ સ્પે. હોસ્પિટલમાં સ્પેશિયલ ઓપરેશનો જેવા કે ઓર્થોપેડિક, ઓર્થોસ્કોપી, પ્લાસ્ટિક સર્જરી, હેર ઈમ્પ્લાન્ટ, કેટરેક્ટ (મોતિયો), ઈ.એન.ટી. (કાન-નાક-ગળા), ત્રાંસી આંખના ઓપરેશનો અને દાંત અને ઝડબાના મુશ્કેલીભર્યા ઓપરેશનો નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કરવામાં આવે છે. માત્ર રૂ.દશમાં જનરલ ઓપીડી એમ.બી.બી.એસ. ડૉક્ટર દ્વારા કરવામાં આવે છે. સાથો-સાથ વર્ષ દરમ્યાન વિનામૂલ્યે બાળકોને પોલિયો, ત્રિગુણી તથા કોરોનાનું ફ્રી વેક્સિનેશન કરવામાં આવે છે. હોસ્પિટલમાં અદ્યતન ઓપરેશન થિયેટરો, અદ્યતન એક્સ-રે મશીન અને પેથેલોજી લેબોરેટરી સેવા આપવામાં આવે છે. સ્પે. હોસ્પિટલનું વાર્ષિક બજેટ રૂ.એક કરોડ સડસઠ લાખને પાર કરી ગયું છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ ૨૨,૯૭૩ દર્દીઓને વિનામૂલ્યે / રાહતદરે સેવા આપવામાં આવેલ. વિભાગવાર વિસ્તૃત માહિતી નીચે મુજબ છે. કોરોના મહામારીને કારણે હોસ્પિટલ છ માસ કરતા વધારે સમય માટે બંધ રહેલ તેથી અગાઉના વર્ષો કરતા કાર્ય પ્રગતિ ઓછું થયેલ છે. છેલ્લાં ત્રણ વર્ષની આંકડાકીય માહિતી સાથેના ટેબલમાં આપેલ છે.

### 3.1 ઓર્થોપેડિક વિભાગ

વર્ષ દરમ્યાન કુલ 1,748 દર્દીઓને સારવાર આપવામાં આવી તેમજ 100 ઓપરેશનો કરવામાં આવ્યાં.

| 3.1 : NO. OF BENEFICIARIES | | (ORTHOPAEDIC) | |
|---|---|---|---|
| Ortho/Polio | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D. | 3469 | 3830 | 1748 |
| Operation | 121 | 104 | 91 |
| Polio Surgery | 46 | 39 | 09 |
| Total | 3636 | 3973 | 1848 |

cataract free or at charitable rates.

- 520 diagnostic camps were organized at different places.
- 1,792 children were operated for removing congenital deformity like cleft-lip, cleft-palate and hypospadia through plastic surgery free of any charge.

## P. N. R. SPECIAL HOSPITAL

Raised with noble mission of Polio Eradication in 1988-89, the hospital now undertakes surgeries like orthopedic, plastic surgery, hair implant, cataract surgery, ENT surgery and squint eye surgery after polio was eradicated. General OPD by an M.B.B.S. doctor serves patients in only Rs. 10 with medicines.

Polio and triple vaccines are administered to children free of any charge. The hospital is fully equipped with modern Operation Theatre, digital X-Ray and pathology laboratory. The budget of this Special Hospital has crossed Rs. 1.67 crore.

During the year under report a total number of **22,973** patients were rendered medical services free or at charitable rates. Department wise information is furnished here under.

### ORTHOPEDIC DEPARTMENT

During the year **1,748** patients were treated and 100 surgeries were performed.



## 3.2 જયાલક્ષ્મી વ્રજલાલ મહેતા તથા વ્રજલાલ ઓધવજી મહેતા આંખ વિભાગ

પી.એન.આર. સોસાયટી, જિલ્લા અંધત્વ નિવારણ સંસ્થા તથા **અસ્ટ્રલ ફાઉન્ડેશન** - અમદાવાદના સહયોગથી, ભાવનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોમાં આંખની તકલીફ જેવી કે, મોતિયો, ઝામર, વેલ, પરવાળા વિ.ના ઓપરેશનો વિનામૂલ્યે કે રાહતદરે કરવામાં આવે છે. કોરોનાના હિસાબે ગ્રામ્ય વિસ્તારોમાં કેમ્પોનું આયોજન થઈ શકેલ નથી. વર્ષ દરમ્યાન કુલ ,6118 દર્દીઓને તપાસી 1,972 મોતિયાના તથા 174 યાગ લેઝરના ઓપરેશન કરવામાં આવેલ.



## SMT. JAYALAXMI VRIJLAL MEHTA AND VRIJLAL ODHAVJI MEHTA EYE -DEPARTMENT

With the support of PNR Society - Bhavnagar, District Blindness Prevention Institute - Bhavnagar and **Astral Foundation**, Amdavad eye problems of people of Bhavnagar and its rural area were treated and rectified free or at charitable rates. Due to corona camps in rural area could not be organized. During the year **6,118** patients were examined and **1,972** cataract operations were undertaken. Yag Laser treatment was rendered to **174** patients.

| 3.2 : NO. OF BENEFICIARIES | | | (EYE) |
|---|---|---|---|
| Eye | 2018-19 | 2019-20 | 2020-21 |
| Camps | 183 | 163 | - |
| O.P.D | 7119 | 7220 | 6118 |
| Surgery | 1672 | 1991 | 1972 |
| Yoglaser | 211 | 204 | 174 |
| **Total** | **9002** | **9415** | **8264** |

## 3.3 લેડી એગ્રેમોન્ટ પેડિયાટ્રીક ઓપ્થેલ્મિક વિભાગ

આ પ્રોજેક્ટ હેઠળ ત્રાંસી આંખ, આંખ ઢળી જવી, આંખમાં ફૂલુ, બાળ મોતિયો વગેરેના ઓપરેશનો વિનામૂલ્યે કરવામાં આવે છે. જેમાં મુંબઈ સ્થિત પીડિયાટ્રીક ઓપ્થેલ્મિક સર્જન **ડૉ. જનક શાહ** અને **ડૉ. પ્રીતિ શાહ** છેલ્લાં ૧૩ વર્ષથી નિરંતર સેવા આપે છે. વર્ષ દરમ્યાન કોરોનાને કારણે માત્ર 63 દર્દીઓની સારવાર અને 16 ઓપરેશન કરવામાં આવેલ.




## LADY EGROMENT PADIATRIC OPTHALMIC DIVISION

This division conducts surgery of squint eye, ptosis, juvenile cataract and fundus in eyes. Mumbai-based pediatric ophthalmologist **Dr. Janak Shah** and **Dr. Preeti Shah** have been rendering their expert services since last **13** years. During the year **63** patients were provided treatment and conducted **16** operations only due to corona pandemic.

| 3.3 Particulars | OPHTHALMIC DEPARTMENT | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| Camps | 04 | 03 | - |
| OPD | 299 | 242 | 63 |
| Surgery | 83 | 56 | 16 |
| **Total** | **382** | **298** | **79** |

## 3.4 'વસંત વિહાર' એડવાન્સ સેન્ટર આર્થોસ્કોપી અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર

દાતા **શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ-આઈસલેન્ડ**ના આર્થિક સહયોગથી તેમના માતુશ્રીની સ્મૃતિમાં આ વિભાગ કાર્યરત છે, વર્ષ દરમ્યાન 233 દર્દીઓને રાહતદરે સારવાર ડૉ. ઉજ્જવલ ડેલીવાળા દ્વારા આપવામાં આવેલ.



## 3.5 કાન, નાક, ગળાના વિભાગ

આ વિભાગ દ્વારા વર્ષ દરમ્યાન કુલ **5,197** દર્દીઓનું નિદાન તથા સારવાર આપવામાં આવેલ તે પૈકી **117** બાળકોના કાનના હાડકાનો સડો તથા કાનના પડદાના ઓપરેશન વિનામૂલ્યે/રાહતદરે દાતા**શ્રી પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી** પ્રિવેન્શન સેન્ટરના સહયોગથી ઈ.એન.ટી. સર્જન **ડૉ. અશોકભાઈ બારૈયા** દ્વારા કરવામાં આવેલ.

| 3.5 Particulars | EAR, NOSE & THROAT DIVISION | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 5207 | 5934 | 5197 |
| Surgery | 186 | 210 | 117 |
| Minor Proced. | 1599 | 1963 | 2276 |
| **Total** | **5393** | **6144** | **7590** |

## 3.6 સ્વ. ચંદાબેન મોહનભાઈ પટેલ દંત ચિકિત્સા વિભાગ

દાતાશ્રી મોહનભાઈ પટેલના આર્થિક સહયોગથી દંત વિભાગ કાર્યરત છે. આ વિભાગમાં રૂટિન દંત ચિકિત્સા, મેક્ષીલો ફેસિયલ, ઓર્થો ડેન્ટલ, ઓરલ સર્જરી, પેડિયાટ્રીક ડેન્ટલ **ડૉ. માર્ગીબેન દોશી** દ્વારા કરવામાં આવે છે. તેમજ જડબા અને વાંકાચૂકા દાંતના નિદાન અને સારવાર, આધુનિક સાધનો દ્વારા **ડૉ. યતિન ખોલકિયા** દ્વારા કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ **2,129** દર્દીઓને રાહતદરે સેવા આપેલ હતી.

## 'VASANT VIHAR' ADVANCE ARTHROSCOPY AND JOINT-REPLACEMENT CENTER

With the financial support of the donor **Shree Khushendrabhai Desai** of Iceland this division is operational in the fond memory of his mother. A total number of **233** patients were examined out of which 4 patients operated at charitable rates during the year.

| 3.4 : NO. OF BENEFICIARIES (ARTHROSCOPY) | | | |
|---|---|---|---|
| Arthroscopy | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 363 | 342 | 233 |
| Surgery | 08 | 03 | 04 |
| **Total** | **371** | **385** | **237** |

## EAR, NOSE & THROAT DIVISION

A total number of **5,197** patients were examined and treated by this division during the year. Total **117** surgeries were undertaken. **Dr. Ashokbhai Baraiya**, ENT Surgeon rendered his expert services.



## LATE CHANDABEN MOHANBHAI PATEL DENTAL SERVICES DIVISION

In this division with the financial assistance of Donorshree Dr. Mohanbhai Patel, Ex-sheriff Mumbai, routine dental service, maxo-facial, orthodental, oral surgery are provided at charitable rates. Padiatric dental surgeon **Dr. Margiben Doshi** renders her expert services. Besides, **Dr. Yatin Kholakia** also renders service for unorganized teeth with advanced gadgets. A total number of **2,129** patients were the beneficiaries of this division during the year.

| 3.6 Particulars | DENTAL SERVICE DIVISION | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 1402 | 1554 | 1008 |
| Procedure/ Treatment | 1102 | 1459 | 1121 |
| Special OPD | 141 | 31 | - |
| Treatment | 108 | 24 | - |
| **Total** | **2753** | **3068** | **2129** |



## 3.7 શ્રીમતી મૃદુલાબેન જીતેન્દ્રભાઈ મહેતા તથા શ્રી જીતેન્દ્રભાઈ ચંપકલાલ મહેતા જનરલ ફિઝીશીયન વિભાગ

માત્ર રૂા. ૧૦/- માં દર્દીઓને સામાન્ય તાવ-ઉધરસ, બી.પી. માપવું વગેરે બે દિવસની દવા સાથે સંસ્થાના **ડૉ. જયંતભાઈ ધંધુકિયા (MBBS)** દ્વારા સેવા આપવામાં આવે છે. ગરીબ અને મધ્યમવર્ગ માટે આ વિભાગ આશીર્વાદરૂપ થયો છે. વર્ષ દરમ્યાન કુલ **3,886** દર્દીઓને તપાસવામાં આવેલ.



## SMT. MRUDULABEN JITENDRABHAI MEHTA AND SHRI JITENDRABHAI CHAMPAKLAL MEHTA GENERAL PHYSICIAN DIVISION



A total number of **3,886** patients were rendered OPD services by **Dr. Jayantbhai Dhandhukiya (MBBS)** for common diseases at a charge of Rs.10 only with free medicines.

| 3.7 Particulars | PHYSICIAN DIVISION | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 8855 | 9655 | 3886 |

## 3.8 શ્રીમતી જયાલક્ષ્મી મોહનલાલ ગાંધી પેથોલોજી લેબોરેટરી વિભાગ

વર્ષ દરમ્યાન કુલ **2,899** દર્દીઓના પેથોલોજી ટેસ્ટ કરવામાં આવેલ તેમજ **42** બાળકોને સરકાર માન્ય વિવિધ વેક્સિનેશન કરવામાં આવેલ.



## SMT. MRUDULABEN JITENDRABHAI MEHTA AND SHRI JITENDRABHAI CHAMPAKLAL MEHTA GENERAL PHYSICIAN DIVISION

During the year **2,889** patients' lab tests were done at charitable rates and **42** children were administered vaccines approved by the government.

| 3.8 Particulars | PATHOLOGY LABORATORY | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| Lab Report | 3920 | 3940 | 2899 |

## 3.9 સરલા કૃષ્ણાર્પણ ટ્રસ્ટ અને શ્રી મોહનલાલ ભૂદરભાઈ ગાંધી ડિઝીટલ એક્સ-રે વિભાગ

અદ્યતન ડિજિટલ એક્સ-રે યુનિટ દ્વારા વર્ષ દરમ્યાન કુલ **890** દર્દીઓના રાહતદરે એક્સ-રે પાડવામાં આવેલ. **ડૉ. રવિ પટેલ,** (એમ.ડી. રેડિયોલોજિસ્ટ), દ્વારા રિપોર્ટિંગ કરવામાં આવે છે.

| 3.9 Particulars | DIGITAL X-RAY DIVISION | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| Patients | 1345 | 1226 | 890 |

## SARLA KRISHNAARPAN TRUST & SHRI MOHANLAL BHUDERBHAI GANDHI DIGITAL X-RAY DIVISION

A total number of 890 patients were benefitted by this facility during the year. **Dr. Ravi Patel**, M.D. Radiologist rendered his expert services.



## 3.10 મેડિકલ યોજના

ગરીબ, મધ્યમવર્ગ તેમજ જરૂરિયાતમંદ દર્દીઓ, સંલગ્નિત સંસ્થાઓના દિવ્યાંગ વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તથા કાર્યકરોને મેડિકલ ખર્ચમાં રાહત આપી શકાય તે માટે બે મેડિકલ સહાય યોજના ચાલે છે.

## MEDICAL SCHEMES

These schemes are operative for providing medical relief support to disables under the care of PNRS and its associated institutions, staff members and workers.

### 3.10.1 મહાવીર મેડિકલ રીલિફ કોર્પસ ફંડ

સ્વ. વ્રજલાલભાઈ મહેતા (માન્ચેસ્ટરવાળા)ના યોગદાનથી **મહાવીર મેડિકલ રીલિફ કોર્પસ ફંડ**ના વ્યાજમાંથી આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ **95** દર્દીઓને **રૂ. 21880/-** ની આર્થિક સહાય આપવામાં આવી છે.

### MAHAVIR MEDICAL CORPUS FUND

A total number of 95 patients were provided medical assistance from interest of **Mahavir Medical Relief Fund** during the year.

### 3.10.2 સ્વ. શ્રીમતી કનકબેન હસમુખલાલ પરીખ સ્વાસ્થ્ય સંજીવની યોજના

પી.એન.આર. સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓને મેડિકલ સહાય **સ્વાસ્થ્ય સંજીવની કોર્પસ ફંડ**ના વ્યાજમાંથી આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ **21** દર્દીઓને **રૂ. 46210/-** ની મેડિકલ સહાય આપવામાં આવેલ.

### LATE SHRIMATI KANAKBEN HASMUKHLAL PARIKH SWASTHYA SANJIVANI YOJNA

From the interest of **Swasthya Sanjivani Corpus Fund** students of PNRS and its associated institutions and staff are provided financial assistance for medical treatment. A total number of **21** patients were rendered assistance worth Rs. **46,210** during the year.

## 3.11 હેર ઈમ્પ્લાન્ટ પ્રોજેક્ટ

નાની ઉંમરમાં માથાના વાળ ખરી પડયા હોય, ટાલ હોય તો હેર ઈમ્પ્લાન્ટની સારવારથી વાળ કુદરતી રીતે ઉગાડી શકાય છે. મુંબઈ સ્થિત પ્લાસ્ટિક સર્જન **ડૉ. નરેશ વાધવા**સાહેબ છેલ્લાં ત્રણ વર્ષથી રાહતદરે હેર ઈમ્પ્લાન્ટની સારવાર કરી આપે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ **64** વ્યક્તિઓને તપાસી **28** વ્યક્તિઓને સફળતાપૂર્વક હેર ઈમ્પ્લાન્ટ કરી આપવામાં આવેલ.

## HAIR IMPLANT PROJECT

Hair-fall led baldness can be provided Hair Implant services. Since last 3 years the plastic surgeon Dr. Naresh Wadhava has been providing this service. During the reporting year **Dr. Wadhava** examined 64 persons. Out of them **28** persons took the advantage of these services at charitable rates.




| 3.11 Particulars | HAIR IMPLANT | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 104 | 108 | 64 |
| Hair Implant | 28 | 24 | 28 |
| **Total** | **132** | **132** | **92** |

## 3.12 બી. કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ

પી.એન.આર. સોસાયટી અને શ્રી બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ મુંબઈના આર્થિક સહયોગથી **પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મુવમેન્ટ ડિસઓર્ડર સોસાયટી (PDMDS)** એ વિકસાવેલ ફિઝિયોથેરાપીના મોડલ મુજબ આ યોજના છેલ્લાં **સાત** વર્ષથી ચાલે છે. દર રવિવારે બે કલાક અને દર ગુરુવારે એક કલાકની એકસર્સાઈઝ ફિઝિયોથેરાપિસ્ટના માર્ગદર્શન પ્રમાણે કરાવવામાં આવે છે. ભાવનગર શહેરના આશરે ૩૫ થી ૪૦ દર્દીઓ લાભ લે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કોરોનાની મહામારીના હિસાબે તેમજ સરકારશ્રીના આદેશ મુજબ લોકડાઉન હોવાથી આ વિભાગ હેઠળ કામગીરી થઈ શકી નથી.

## B. K. PAREKH PARKINSON'S SUPPORT GROUP

Started in 2013, the firstever B. K. Parekh **Parkinsons Support Group** has been rendering physiotherapy and exercises based on modules developed by **Parkinson's Disease Movement Disorder Society**, Mumbai (PDMDS) on Sundays for 2 hours and Thursdays for one hour. On account of corona pandemic and govt.'s guidelines the activity faced the grinding halt.





| 3.13 Particulars | SKIN DEPARTMENT | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| Patients | 299 | 498 | 454 |

| 3.14 Particulars | M. D. PHYSICIAN | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 156 | 140 | 04 |

| 3.15 Particulars | OPTHALMIC RETINA | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D. | 00 | 21 | 18 |

| 3.16 Particulars | ORAL SURGEON | | |
|---|---|---|---|
| | 2018-19 | 2019-20 | 2020-21 |
| O.P.D | 116 | 31 | 05 |
| Operations | 56 | 24 | 05 |

## 4.0 સેરીબ્રલ પાલ્સી (મગજનો લકવા) વિભાગ

## CEREBRAL PALSY DIVISION

### 4.1 મગજનો લકવો ધરાવતા બાળકોની 'નટરાજ' સેરીબલ પાલ્સી સ્કૂલ સૌજન્ય : હિન્દુસ્તાન પેન્સિલ્સ લિ.

### NATARAJ SPECIAL SCHOOL FOR CHILDREN WITH CEREBRAL PALSY (COURTESY : HINDUSTAN PENCILS LTD.)



સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયની માન્યતા પ્રાપ્ત આખા રાજયમાં એકમાત્ર શાળા, પી.એન.આર. સોસાયટી દ્વારા સંચાલિત છે. જેમાં અદ્યતન બેરિયર ફ્રી બિલ્ડિંગમાં શૈક્ષણિક તથા તમામ પ્રકારના થેરાપ્યૂટિક સંસાધનો સાથે મગજનો લકવા ધરાવતા (સી.પી.) બાળકોના વિકાસમાં સતત પ્રયત્નશીલ રહી છે. કોરોનાની મહામારીના હિસાબે ઓનલાઈન માધ્યમ દ્વારા કુલ ૭૩ બાળકોને શિક્ષણ, સારવાર અને તાલીમ આપવામાં આવેલ. જેમાં શિક્ષણ સાથે વિવિધ કાર્યક્રમો જેવા કે, વર્લ્ડ સેરીબલ પાલ્સી દિવસની ઉજવણી, ડ્રેસ સ્પર્ધા, એક મિનિટ ગેમ શો, પ્રજાસત્તાક દિનની ઉજવણી, આવાજ એપ તથા જેલો કોમ્યુનિકેટરના વેબિનારો, ઓર્થોટિક એસેસમેન્ટ કેમ્પ, પેરેન્ટસ ટ્રેનિંગ વગેરે કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવેલ. તેમજ જરૂરિયાતમંદ બાળકોના વાલીઓને અનાજ તથા રેશન કીટનું વિતરણ કરવામાં આવેલ.

Recognised by the Social Defense Department of Gujarat State there is only one C. P. School run by the PNR Society in Gujarat. The school is housed in the barrier-free building and it is equipped with all advance therapeutic gadgets rendering it an ideal school. It has strength of **73** C.P. Children. On account of corona pandemic online education and training were rendered. Celebration of Cerebral Palsy Day, national festivals besides dress competition, game show, etc. aimed at to socialize them, Regular Webinars, ortho assessment, parents training are regular activities of this school.

### 4.2 અંબા - હોસ્ટેલ સુવિધા

### AMBA - HOSTAEL FACILITY



સી.પી. તથા અન્ય વિકલાંગતા ધરાવતા બાળકો,જે બહારગામથી સંસ્થામાં તાલીમ લેવા ઈચ્છતા હોય એવા બાળકોને હોસ્ટેલમાં **વિનામૂલ્યે** રહેવાની તથા જમવાની સુવિધા આપવામાં આવે છે. કોરોના મહામારીને કારણે આ વર્ષે હોસ્ટેલ બંધ રહેલ.સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર તરફથી સોંપવામાં આવેલ બહુવિધ વિકલાંગ એવા ૩ નિરાધાર બાળકોને હોસ્ટેલમાં રાખેલ છે, જેની વિશેષ માવજત સાથે મેડિકલ ખર્ચની જવાબદારી સંસ્થા નિભાવે છે.

For C.P. and other disable children who come to take training, education, treatment are provided **free** hostel accommodation with free meals. The hostel had to be closed due to corona. Three orphan children handed over by the Social Defense Department of the State are however taken care of in this hostel by the Institute spending its own funds.

## 4.3 દિશા કમ વિકાસ પ્રોજેક્ટ - સૌજન્ય : નેશનલ ટ્રસ્ટ



નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હીના આર્થિક સહયોગથી સી.પી., એમ. આર., ઓટિઝમ અને બહુવિધ વિકલાંગ બાળકોને વિશિષ્ટ શિક્ષણ, સ્પીચ થેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, ADL ટ્રેનિંગ આપવામાં આવે છે. કોરોનાને કારણે ૪૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવેલ. જેમાં ૩૬ બાળકોના વાલીઓ BPL અને ૪ બાળકોના વાલીઓ APL કેટેગરીમાંથી આવે છે. જે બાળકોના વાલીઓની આર્થિક સ્થિતિ નબળી હોય તેને **નેશનલ ટ્રસ્ટ** દ્વારા દર મહિને રેશન કીટ, તેમજ ઓનલાઈન એજ્યુકેશન માટે જરૂરતમંદ વાલીઓને મોબાઈલ ફોન અને ત્રણ માસના મોબાઈલ રિચાર્જની સહાય પણ આપવામાં આવેલ. કોરોના કાળના હિસાબે સમગ્ર પ્રવૃત્તિઓ જેવી કે, શિક્ષણ, ગૃહકાર્ય, થયેલ પ્રવૃત્તિનો અહેવાલ વગેરે ફોટો તથા વીડિયો દ્વારા ઓનલાઈન આપવામાં આવે છે. જેનો સારો પ્રતિભાવ બાળકો તથા વાલીઓ દ્વારા મળી રહે છે. આ પ્રોજેક્ટ હેઠળ વિશિષ્ટ શિક્ષકો દ્વારા બાળકોના ઘરે મુલાકાત લઈને બાળકો તથા વાલીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન નેશનલ ટ્રસ્ટ દ્વારા કુલ રૂ. પંદર લાખનું અનુદાન (ગ્રાન્ટ) મળેલ.

## DISHA CUM VIKASH PROJECT - COURTESY NATIONAL TRUST

With the financial assistance of the **National Trust, New Delhi** children with cerebral palsy, mental retardation and multiple disability are rendered education, speech therapy, occupational therapy and ADL training. On account of corona lockdowns **40** disable children were educated online in which BPL parents of **36** children and parents of **4** children of APL category were benefitted. Those parents whose economic condition was very weak were provided ration-kit every month and mobile phone with three-month recharge. In view of corona pandemic reports of activities were aired with photos. Response from parents has been overwhelming. Home visits for guiding parents are also part of the activity of the project. During the year under report Rs. 15 lakh grant was received from the National Trust, New Delhi.

## 4.4 રીસોર્સ સેન્ટર્સ, સૌજન્ય : હસમુખ મહેતા તથા નીલકમલ, મુંબઈ



માંચેસ્ટર (U.K.) સ્થિત દાતા **શ્રી હસમુખભાઈ મહેતા** તથા મુંબઈ સ્થિત દાતા **શ્રી વામનભાઈ પારેખ** પરિવાર (**નીલકમલ પ્રા. લિ.**) ના આર્થિક સહયોગથી ભાવનગર, શિહોર, પાલિતાણા, તળાજા અને મહુવા કુલ પાંચ રિસોર્સ સેન્ટરોમાં વિકલાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. આ સેન્ટરોના નજીકના વિસ્તારમાં વસવાટ કરતાં સી.પી. તથા અન્ય વિકલાંગતા ધરાવતાં બાળકોને શોધીને સારવાર, શિક્ષણ, ઉપરાંત વાલીઓને જરૂરી માર્ગદર્શન સાથો-સાથ જરૂરી સાધન સહાય, શૈક્ષણિક સાધનો, રિક્ષાભાડું વગેરે આપવામાં આવે છે. કોરોના મહામારીના કારણે હાલમાં ૮૧ બાળકોને ઓનલાઈનના માધ્યમથી જરૂરી શિક્ષણ તેમજ માર્ગદર્શન આપવામાં આવે છે. જરૂરિયાતમંદ, આર્થિક રીતે નબળા બાળકોના વાલીઓને રેશનકીટ આપવામાં આવેલ.

## RESOURCE CENTERS, COURTESY : HASMUKH MEHTA OR NILKAMAL, MUMBAI

All round development work of children victims of different disabilities is undertaken in five Resource Centers based in Bhavnagar and taluka-based Resource Centers in Shihor, Palitana, Talaja and Mahuva with the financial support of U.K. based **Shri Hasmukhbhai Mehta** and Mumbai-based **Shri Vamanbhai Parekh** Family. Activity includes identifying children with disability, diagnosing disability, education, treatment and guidance to parents for bringing up their special children. Aids and appliances, rixo-fare were also provided. The needy families are supplied ration-kits. A total number **81** disable children were rendered online education.

## 4.5 ઓટિઝમ / પોલિયો સર્જરી પ્રોજેક્ટ સૌજન્ય : 3 HHH (USA)

અમેરિકા સ્થિત, **હાર્ટ એન્ડ હેન્ડ ફોર ધી હેન્ડિકેપ** (HHH) ના આર્થિક સહયોગથી ઓટિઝમ બાળકોનું વહેલાસર નિદાન, તાલીમ અને સાર-સંભાળના કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. કોરોના મહામારીના હિસાબે આ વર્ષે પ્રોજેક્ટ કામગીરી થઈ શકી નથી.

## AUTISM / POLIO SURGERY PROJECT COURTESY : 3 HHH (USA)

Under this project with the donation of **Heart & Hand for the Handicapped** Foundation of USA Autistic children's early diagnosis, training and care are undertaken by organizing camps. Due to corona pandemic activities met with a grinding halt.

## 4.6 કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ (સૌજન્ય : કે.એન.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ)



**કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ** તેમજ અમેરિકા સ્થિત, હાર્ટ એન્ડ હેન્ડ ફોર ધી હેન્ડિકેપ (HHH) ના આર્થિક સહયોગથી, ગુજરાત રાજ્યની એકમાત્ર ઓટીઝમ સ્કૂલ વર્ષ ૨૦૧૮-૧૯ માં શરૂ કરવામાં આવી છે. કોરોના મહામારીના હિસાબે વર્ષ ૨૦૨૦-૨૧ માં ૬૦ ઓટીઝમ બાળકોને ઘરે રહીને ઓનલાઈન શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં વાલીઓને માર્ગદર્શન, ઓટિઝમ બાળકોના વયજૂથ મુજબ વિશિષ્ટ શિક્ષણ, સ્પીચથેરાપી તથા ADLની તાલીમ આપવામાં આવેલ. તા.૦૬-૦૭-૨૦ થી તા.૧૦-૦૭-૨૦ દરમિયાન **ક્રેકિંગ ધી ઓટિઝમ કોડ**નો એક અઠવાડિયાના વાલીઓ માટેના સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરેલ. જેમાં ઓટિઝમ બાળકોનું સ્ક્રીનિંગ, એસેસમેન્ટ ટુલ્સ, સેન્સરી, અને સોશિયલ સ્ટોરી જેવા વિષયો ઉપર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. આ ઓનલાઈન કોર્સમાં સમગ્ર દેશના અલગ-અલગ રાજ્યોના ૭૦ વાલીઓએ ભાગ લીધેલ. આ નવીનતમ પ્રયોગનો ખૂબ સારો પ્રતિભાવ પ્રાપ્ત થયેલ.

## K. N. SHAH AUTISM SCHOOL (COURTESY : K.N.SHAH CHARITABLE TRUST, MUMBAI)

With the help of donation of Mumbai-based **K. N. Shah Charitable Trust** and Heart & Hand for the Handicapped Foundation, USA the only one Autism School in Gujarat was started in the year 2018-2019 by the Institute. Due to corona pandemic in the reporting year online educational guidance was rendered. Special education to age-based groups, speech-therapy and **ADL** training were also provided. During 6-02-20 to 10-07-20 a certificate course entitled **'Cracking the Autism Code'** of one week was organized for guardians of autistic children in which experts addressed aspects of screening, assessment of sensory organs besides social stories. A total number of 70 guardians participated.

## 4.7 જેરી જી જોન્સ વેલબેબી ક્લિનીક પ્રોજેક્ટ સૌજન્ય : સો હમ ફાઉન્ડેશન - U.S.A.



યુ.એસ.એ. સ્થિત **જેરી જી જોન્સ**ના વીલ દ્વારા પ્રાપ્ત થયેલ. રૂ. **68.69** લાખ (એક લાખ ડોલર) ના અનુદાનની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી કોર્પસ ફંડ ઊભું કરવામાં આવેલ છે, જેના વ્યાજમાંથી, તથા સોહમ ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી દર વર્ષે સી.પી. તથા બહુવિધ વિકલાંગતા ધરાવતા બાળકોનું એસેસમેન્ટ, ઓર્થોટિક તકલીફોની સારવાર, તેમજ

## JERRY G. JONES WELL BABY CLINIC PROJECT COURTESY : SO HUM FOUNDATION U.S.A.

With Rs. 68.69 lakhs ($50,000) donation received through 'Will' of USA-based **Jerry G. Jones** a Corpus Fund was raised for his lasting memory. Interest of this Corpus Fund and with the financial support of So Hum Foundation of USA every year C.P. and multiple disabled children are rendered

હલન-ચલન વધારવા માટે ઓર્થોસિસ ડિવાઈસીસ આપવામાં આવે છે. તા. ૦૯-૧૦ જાન્યુ. ૨૦૨૧ દરમ્યાન ઓક્યુપેશનલ થેરાપી, તપાસ, સારવાર અને માર્ગદર્શના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ.જેમાં અમદાવાદ અને આણંદના નિષ્ણાત ઓક્યુપેશનલ થેરાપિસ્ટ **ડૉ. દીપક ગંજીવાલા, ડૉ. બ્રિજેશ મિશ્રા, ડૉ. કેલ્વીન પટેલ અને ડૉ. મૃત્યુંજય મુકુંદે** સેવા આપેલ. આ કેમ્પમાં ૬૦ સી.પી. તથા બહુવિધ વિકલાંગતા ધરાવતા બાળકોને તપાસવામાં આવેલ. તા. ૨૦-૦૨-૨૦૨૧ ના રોજ ઓર્થોસીસ પ્રોસ્થેટિક કેમ્પનું આયોજન કરેલ. જેમાં ૨૫ દિવ્યાંગ બાળકોને તપાસવામાં આવેલ.

services like assessment of disability, treatment of orthotic problems, orthosis treatment to increase mobility, etc. During 9-10 Jan. 2021 a mega camp was organized in which expert occupational therapists **Dr. Dipak Ganjiwala, Dr. Brijesh Mishra, Dr. Kelvin Patel and Dr. Mrityunjay** from Amdabad and Anand rendered their expertise. On 20-02-2021 a camp of Orthosis Prosthetic was organized and in which 25 children were examined.

## 4.8 સી.આર.ઈ. કાર્યક્રમ

તા.૦૭-૦૮ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ **ઈન્કલુઝિવ કેરીક્યુલમ - રીચિંગ ટુ ધી અનરીચ્ડ** વિષય પર ઓનલાઈન સ્ટેટ લેવલના સી.આર.ઈ. કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં રાષ્ટ્રિય કક્ષાના તજજ્ઞો જેવા કે, **શ્રીમતી આલોકા ગુહા, ડૉ. શ્યામળા હલવી, ડૉ. સુજાતા ભાનુ અને શ્રીમતી જીજ્ઞાબેન સોલંકી** (ઈન.પ્રિન્સિપાલ, સી.પી. સ્કૂલ) એ ઓનલાઈન માર્ગદર્શન આપેલ. આ ઓનલાઈન કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી **૨૦૪** તાલીમાર્થીઓએ ભાગ લીધેલ.



## CRE PROGRAMMES

During 7 – 8 October, 2020 a CRE (Continuous Rehabilitation Education) on **Inclusive Curriculum – Reaching to the Unreached** was organized. National level experts like **Smt. Aloka Guha, Dr. Shyamala Halavi, Dr. Sujata Bhanu and Smt. Jignaben Solanki** (Principal I/C, C. P. School) rendered online guidance. A total number of **204** trainees participated.

## 4.9 શ્રી કે. એન. શાહ ડે કેર સેન્ટર

કોરોના મહામારી હોવાથી આ સ્પેશ્યલ બાળકોને ચેપ વધુ લાગવાની શકયતાને કારણે આ વર્ષ દરમ્યાન પ્રોજેક્ટનું કાર્ય બંધ રાખેલ હતું.

## K. N. SHAH DAY CARE CENTER

In view of corona pandemic and these children being vulnerable to infection, the center did not conduct any activity.

## 4.10 નિરામયા હેલ્થ પોલિસી

નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા દિવ્યાંગોને જરૂરી સ્વાસ્થ્ય વીમા કવચ નીચે આવરી લીધા છે. આ માટે રૂ.૫૦૦/-ના પ્રીમિયમથી એક લાખ સુધીની મેડિકલ સહાયનો વીમો મળે છે. બી.પી.એલ. કાર્ડ ધારકોને માત્ર રૂ.૨૫૦/-ના પ્રીમિયમ ભરવાથી રૂ. એક લાખ સુધીનો મેડિકલ વીમો મળે છે. આ પ્રીમિયમ પહેલા લાભાર્થી પાસેથી લેવામાં આવતું હતું, જે હવે ગુજરાત સરકાર દ્વારા પ્રીમિયમ ચૂકવીને દિવ્યાંગ લોકોને આ વીમો ફ્રી કરી આપ્યો છે. વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા કુલ **૧૯૯** દિવ્યાંગોના ઓનલાઈન ફોર્મ ભરવાની વ્યવસ્થા કરેલ. જેમાંથી **૩૦** દિવ્યાંગોના **રૂ. ૨,૬૨,૬૪૪/-**ના કલેમ નેશનલ ટ્રસ્ટે મંજૂર કરીને જે-તે લાભાર્થીઓના બેંક ખાતામાં સીધા જમા કરેલ. શ્રી હિતેશ ઓઝા પોતે દિવ્યાંગ છે અને આ કાર્યમાં વિશિષ્ટ સેવા આપે છે.



## NIRAMAYA HEALTH POLICY

Disables have been covered under Health Insurance by Niramaya Health Policy extended by the National Trust, New Delhi. Paying only Rs. 250/- the BPL card holders get medical expenses reimbursed upto Rs. 1 lakh. This premium was taken from beneficiaries. Now Gujarat Government pays the premium. During the year claims of a total number of **199** disable's were processed online. The National Trust has since sanctioned **Rs. 2,62,644** to **30** disables. Shri Hitesh Oza who is himself disable has rendered his services.

## 5.0 એટી એન્ડ ટી ટેકનોલોજી પાર્ક

## AT & T TECHNOLOGY PARK

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનો હેતુ, દિવ્યાંગ વિદ્યાર્થીઓને કોમ્પ્યૂટરની તાલીમ આપીને પગભર કરવાનો છે. તાલીમબાદ દિવ્યાંગોને નોકરી માટેની ઉજ્જવળ તક મળે છે અથવા પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા સક્ષમ બની શકે છે. આ વિભાગ છેલ્લાં 20 વર્ષથી કાર્યરત છે. આ વિભાગમાં દિવ્યાંગ તાલીમાર્થીઓને માટે બેઝિક, ડી.ટી.પી., ફોટોશોપ, એકાઉન્ટિંગ, હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ, મોબાઈલ રિપેરિંગ, ઓટોકેડ વગેરેના કોર્સની તાલીમ વિનામૂલ્યે આપવામાં આવે છે. બહારગામના તાલીમાર્થીઓને રહેવા- જમવાની સુવિધા વિનામૂલ્યે આપવામાં આવે છે. આ માટે આ વિભાગે 22 કોમ્પ્યૂટરો, ઓડિયો વિઝ્યુઅલ તાલીમ માટે પોલીકોમ વીડિયો, કોન્ફરન્સ સિસ્ટમ માટેનું પ્રોજેક્ટર અને જરૂરી સાધનો વસાવેલ છે. અત્યાર સુધીમાં 2,862 દિવ્યાંગોને કોમ્પ્યૂટર ટ્રેનિંગ આપેલ છે.

કોરોના મહામારીને કારણે ભાવનગર, શિહોર, ગારિયાધાર તાલુકાઓના તાલીમાર્થીઓને ગામડે ઘરે બેઠા **ઓનલાઈન** માધ્યમ દ્વારા ટ્રેનિંગનો સફળ પ્રયોગ કરવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન 57 દિવ્યાંગ વિદ્યાર્થીઓને તેમના ઘરે, રૂરલ એરિયામાં વિનામૂલ્યે લેપટોપ, ઈન્ટરનેટની સુવિધા સાથે ડોંગલ તથા અન્ય જરૂરી સાધનો આપવાનો મહત્ત્વનો પ્રોજેક્ટ યુ.એસ.એ. સ્થિત, વિઝનરી અને દાતા **શ્રી પ્રફુલભાઈ શાહ**ની પ્રેરણા તથા મહેનતથી શરૂ થયેલ છે. આ માટે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ 85 લેપટોપ, સાધનો સહિત આપવાનું ડોનેશન તેઓએ અમેરિકામાં ઊભું કરીને સંસ્થાને મોકલવામાં આવેલ. આગામી વર્ષમાં ઓનલાઈન માધ્યમથી 200 દિવ્યાંગોને લેપટોપ સાથે ઘરે બેઠા તજજ્ઞો દ્વારા તાલીમ લઈ શકે તેવું આયોજન કરવામાં આવેલ છે. યુ.એસ.એ. સ્થિત આ ક્ષેત્રના અનુભવી તથા સંસ્થાના જૂના કાર્યકર **શ્રી જયંતભાઈ રાજયગુરૂ**, તજજ્ઞોને વિશિષ્ટ ટ્રેનિંગ તથા આ પ્રોજેક્ટને સફળ બનાવવા જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે.



**5.1 : Training Provided**

| Particulars | 2018-19 | 2019-20 | 2020-21 |
|---|---|---|---|
| No. of Students Admitted & Passed | 150 | 137 | 57 |
| Students Got Jobs | 09 | 08 | 05 |

**5.2 : According to Disability**

| Type of Disability | No. |
|---|---|
| Locomotor | 57 |
| Mentally Challanged | 00 |
| Partial Blind | 00 |
| CP | 00 |
| TOTAL | 57 |

**5.3 : Coursewise no of Students**

| Course | No. |
|---|---|
| Basic | 57 |
| D.T.P. | 00 |
| Hardware & Networking | 00 |
| Mobile Repairing | 00 |
| Internet | 00 |
| TOTAL | 57 |

The aim of the AT&T Technology Park is to train disable youth/students in computer skill and thereby empowering them to be self-reliant as there are ample opportunities for being computer operators or starting their own business. This park has been functional since last **20** years. Computer training includes Basic, DTP, Photo shop, Auto Cad, etc. Trainees of outstations are provided free lodging and boarding services. The Park has **22** computers, Polycom video for audio visual training, conference system projector and other needy gadgets.

A successful experiment to the credit of this Park during corona pandemic has been to provide online training to the trainees living in villages. During the year under report at the inspiration of USA-based visionary **Shri Prafulbhai Shah** for training online laptops, internet through dongle and other gadgets were supplied to village-based trainees at their homes. During the reporting year **Shri Prafulbhai** had raised fund for **30** laptops and other gadgets and sent to the institute. It has been planned to provide online computer training at their homes to rural-based **150** disable youths. Experienced in this field and our old worker USA-based **Shri Jayantbhai Rajyaguru** has been guiding this noble work.

## 6.0 હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



ભારત સરકારના **"રાઈટ ટુ પર્સન્સ વિથ ડિસેબિલિટી એક્ટ-૨૦૧૬"** ની જોગવાઈ મુજબ દિવ્યાંગ બાળકોના ઈન્કલુઝન માટે પી.એન.આર. સોસાયટીએ વર્ષ ૨૦૧૭ માં હાઈટેક મોડેલ સ્કૂલની શરૂઆત કરી છે, જેથી કરીને સ્પે.સ્કૂલના દિવ્યાંગ બાળકો સમધારણ બાળકો સાથે અભ્યાસ કરી શકે. હાઈટેક સ્કૂલ માટે જરૂરી અદ્યતન ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશનના ટેકનોલોજી સાધનો, સ્માર્ટ બોર્ડ વગેરે માટે મુંબઈ સ્થિત સંસ્થાના દાતા સ્વ. શ્રી પ્રતાપભાઈ પારેખ અને શ્રી રશ્મિબેન પારેખ તરફથી **રૂ. અગિયાર લાખનું** અનુદાન મળેલ. પાંચ વર્ષમાં આ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૫ ને પાર કરી ગઈ છે. નવા સત્રથી વિદ્યાર્થીઓની સંખ્યા ૩૨૫ ને પાર થઈ જાય તેવું આયોજન કરેલ છે. ભવિષ્યમાં આ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦૦ને પાર કરી જાય કે જેમાં દિવ્યાંગ બાળકો પણ સમધારણ બાળકો સાથે બાલમંદિરથી ધો. ૧૨ સુધીનો અભ્યાસ કરતા હોય, તે માટે શાળાના હાલના બિલ્ડિંગના વિકાસ માટે સંસ્થાના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ તથા તેમના પરિવાર દ્વારા, **કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ** મારફત **રૂ. ચાર કરોડનું** અનુદાન જાહેર કરેલ છે. શાળાના બિલ્ડિંગના ચણતર કામને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મંજૂરી મળી ગઈ છે અને ચણતર કામ ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ પ્રોજેક્ટ બે વર્ષમાં પૂર્ણ થઈ જાય તેવું આયોજન કરેલ છે.

કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને ઓનલાઈન માધ્યમથી શિક્ષણ આપવામાં આવેલ.

હાઈટેક સ્કૂલ તથા સી.પી. સ્કૂલની ફાયર સેફ્ટી સીસ્ટમ અને સાધન માટે **સ્ટેક બેક જ્વેલરી પ્રા. લિ.-મુંબઈ** તરફથી **રૂ. ૮ લાખનું** અનુદાન મળેલ.

હાઈટેક ઈન્કલુઝિવ શાળાના સર્વાંગી વિકાસ માટે સંસ્થાની મેનેજમેન્ટ ટીમના સભ્યો અને સહમંત્રી **શ્રી ધીરુભાઈ ધંધુકિયા** (નિવૃત્ત પ્રિન્સિપાલ **SNDT** કોલેજ), **શ્રી કાંતિભાઈ ઝાંઝરુકિયા** (નિવૃત્ત સચિવ, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય), ના માર્ગદર્શન હેઠળ હાઈટેક સ્કૂલનો વિકાસ થઈ રહ્યો છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની સંખ્યા ટેબલ નં. **૬** માં આપવામાં આવેલ છે.

## HIGH-TECH INCLUSIVE SCHOOL

In pursuance of **'Rights of Persons with Disability Act 2016'** the PNR society has started High Tech Inclusive School in 2017 wherein disable children are studying with normal children. The institute has received generous donation of **Rs. 11 Lakhs** from Late Shri Pratapbhai Parekh and Smt. Rashmiben Parekh based in Mumbai for modern information and communication gadgets. In last 5 years the strength of students has increased to 285. It has been planned to raise the student strength to 325. It is hoped that in future the strength may touch the level of 1000 where normal and disable children will be studying together from Balmandir to Std. XII. It is gratifying to mention that for the development of the present building Chairmanshree Narendrabhai Shah of the PNRS and his family have declared donation of **Rs.4 Crores** from **Shri K. N. Shah Charitable Trust (Mumbai).** For construction work the approval of Bhavnagar Municipal Corporation has since been received and work is in process speedily. It is expected that within 2 years the work will be completed.

### 6.0 HIGH-TECH INCLUSIVE SCHOOL

| Particulars | 2018-19 | | 2019-20 | | 2020-21 | |
|---|---|---|---|---|---|---|
| | Normal Students | Divyangs | Normal Students | Divyangs | Normal Students | Divyangs |
